# સજા ન કરાયેલ કેદીની હોસ્પિટલમાં બદલી (નિયંત્રણો સાથે કે તે વિના)

(1983 ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 48)

| | |
|---|---|
| 1. દર્દીનું નામ | |
| 2. તમારી સારવારનો હવાલો સંભાળનાર વ્યકિતનું નામ (તમારા 'જવાબદાર ચિકિત્સક') | |
| 3. હોસ્પિટલ અને વોર્ડનું નામ | |
| 4. તમારી બદલીના આદેશની તારીખ | |
| 5. નિયંત્રણ આદેશ યથાવત્ છે? | હા/ના |

## હું શા માટે હોસ્પિટલમાં છું?

તમને આ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે કારણ કે ન્યાય માટેના રાજ્યના સચિવને બે ડોકટરો દ્વારા સલાહ આપવામાં આવી છે કે તમને માનસિક વિકૃતિ છે અને તમને તબીબી સારવાર માટે હોસ્પિટલમાં રાખવા જરૂરી છે.

ન્યાય માટેના રાજ્યના સચિવે 1983ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 48 હેઠળ 'બદલી આદેશ' બહાર પાડયો છે, જેને સજારહિત કેદીને હોસ્પિટલમાં બદલી કરવાની છૂટ આપી છે.

રાજ્યના સચિવ પણ માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 49 હેઠળ તમને નિયંત્રણ આદેશ આપી શકશે.

## નિયંત્રણ આદેશ શું છે?

તમને નિયંત્રણ આદેશ આપવામાં આવ્યો હોય, તો તેનો અર્થ એ કે તમને ન્યાય માટેના રાજ્યના સચિવ જણાવે કે તમને રજા આપી શકાશે તે સિવાય, તમે હોસ્પિટલમાંથી રજા આપી શકાશ નહીં, અને તમારી રજા અમુક શરતોને અધીન રહી શકે, જે તમને નજીકના સમયમાં સમજાવવામાં આવશે. તમે હોસ્પિટલમાં હોવ તે દરમિયાન તમારી સંભાળનો હવાલો સંભાળનાર વ્યકિતએ (તમારા જવાબદાર ચિકિત્સક) તમે કામચલાઉ રજા પર જાવ કે તમને બીજી હોસ્પિટલમાં મોકલે તે પહેલાં શાખાના સચિવની સંમતિ મેળવવી જોઈશે. તેઓએ તમને પણ તપાસવા જોઈશે અને તમારા વિષેનો અહેવાલ વર્ષમાં એક વખત રાજ્યના સચિવને મોકલવો જોઈશે.

## હું અહીં કેટલો સમય રહીશ?

તમને તમારી બદલીનો આદેશ સમાપ્ત ન થાય ત્યાં સુધી હોસ્પિટલમાં રખાશે.

**મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા રિમાન્ડ પર મોકલવામાં આવે પછી** તમારી બદલી કરવામાં આવી હોય તો:

> તમારો રિમાન્ડનો સમય-ગાળો સમાપ્ત ન થાય ત્યાં સુધી તમને હોસ્પિટલમાં રાખવામાં આવશે, સિવાય કે તમને કાર્યવાહી માટે ક્રાઉન કોર્ટમાં મોકલ્યા હોય અથવા મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા ફરીથી રિમાન્ડ પર મોકલ્યા હોય (જેમાં તમારે હોસ્પિટલમાં રહેવાનું થશે). તમારા જવાબદાર ચિકિત્સક કહે કે તમારે હોસ્પિટલમાં માનસિક વિકૃતિ માટે લાંબો સમય તબીબી સારવારની જરૂર નથી તો મેજિસ્ટ્રેટ કોર્ટ પણ બદલી આદેશ સમાપ્ત કરી શકશે. ત્યારબાદ કોર્ટ તમને જામીન પર છોડવાનું નક્કી કરે તે સિવાય તમને જેલમાં પાછા મોકલાશે.

**અહીં મુલકી કેદી તરીકે કે દેશાગમન કાયદા હેઠળ** તમારી બદલી કરવામાં આવી હોય તો:

> તમે જેલમાંથી છૂટા કરવામાં આવ્યા હોત અથવા અટકાયત કેન્દ્રમાંથી ખસેડાયા હોત તે તારીખ સુધી, તમારા જવાબદાર ચિકિત્સક તમારે વધુ સારવારની જરૂર નથી, એમ કહે ત્યાં સુધી તમને હોસ્પિટલમાં રખાશે. તમને નિયંત્રણમાં આદેશ અપાયો હોય અને તમારા જવાબદાર ચિકિત્સક જણાવે કે તમારે વધુ સારવારની જરૂર નથી તો તમને જેલમાં કે અટકાયત કેન્દ્રમાં પાછા મોકલાશે.

**બીજા કેસોમાં:**

> તમારા જવાબદાર ચિકિત્સક કહે કે તમારે લાંબો સમય સારવારની જરૂર નથી અથવા કોર્ટ તમારા કેસનો નિર્ણય કરી નાખે ત્યાં સુધી તમને હોસ્પિટલમાં રખાશે. તમારા જવાબદાર ચિકિત્સક કહે કે, તમારે વધુ વખત સારવારની જરૂર નથી તો કોર્ટ, તમને જામીન પર છોડે તે સિવાય તમને જેલમાં પાછા મોકલાશે.

## બદલી હુકમ સમાપ્ત થયા પછી શું મને હોસ્પિટલમાં રાખી શકાશે?

તમારા બદલી આદેશો સમાપ્ત થાય પછી તમારે વધુ સારવારની જરૂર હોય તો માનસિક આરોગ્ય અધિનિયમની જુદી જુદી કલમ હેઠળ તમને હોસ્પિટલમાં રાખવામાં આવે તે સંભવિત છે. આમ થાય, તો આ સમજાવવા તમને બીજી પત્રિકા આપવામાં આવશે.

## મારે કોર્ટમાં પાછા જવાનું થાય તો શું થશે?

તમે રિમાન્ડ પર હોવ અને તમારી કાર્યવાહી શરૂ ન થઈ હોય, તો તમને કોર્ટમાં પાછા મોકલી શકાશે. કોર્ટ તમારો કેસ તપાસશે અને માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 37 હેઠળ હોસ્પિટલનો ઓર્ડર કરી શકશે, જેમાં તમારે હોસ્પિટલમાં રહેવું જોઇએ, એમ જણાવે અથવા તમને વૈકલ્પિક સજા આપી શકાશે. બે ડોકટરો કહે કે તમે માનસિક વિકૃતિ ધરાવો છો અને તમારી માનસિક આરોગ્ય અધિનિયમ હેઠળ સારવાર કરવી જરૂરી છે, તો જ કોર્ટ હોસ્પિટલનો ઓર્ડર કરી શકશે.

## શું હું અપીલ કરી શકું?

ન્યાય માટેના રાજ્યના સચિવના, તમારી હોસ્પિટલમાં બદલી કરવાના, અથવા મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા ફરી રિમાન્ડ પર મોકલવાના નિર્ણય સામે તમે અપીલ કરી શકશો નહીં.

પરંતુ તમને હોસ્પિટલ છોડી જવા માટે કહી શકો તેવા લોકો હોય છે.

તમને નિયંત્રણ આદેશ ન આપ્યો હોય, તો તમને હોસ્પિટલ છોડી જવાની રજા આપવા માટે તમે હોસ્પિટલ મેનેજરોને કહી શકો. તમે આ કોઈપણ સમયે કરી શકો. હોસ્પિટલ મેનેજરો એક ખાસ સમિતિના લોકો છે, લોકોને હોસ્પિટલમાં રાખવા જોઇએ કે કેમ તે નક્કી કરવા આની રચના કરવામાં આવી છે. હોસ્પિટલ મેનેજરો, તમને જવા દેવા કે કેમ તેનો નિર્ણય કરતાં પહેલાં તમારી સાથે વાત કરવા ઇચ્છિ શકે. તમે આ કરવા માગો, તો તમે નીચેના સરનામે તેઓને લખી શકો:

અથવા તમે હોસ્પિટલ મેનેજરોનો સંપર્ક કરવામાં તમને મદદ કરવા સ્ટાફ સભ્યોને જણાવી શકો.

તમને નિયંત્રણ આદેશ આપવામાં આવ્યો હોય કે નહીં, તમને હોસ્પિટલમાં ન રાખવા જોઇએ તેવું કહેવા માટે ટ્રિબ્યુનલને જણાવી શકો.

## ટ્રિબ્યુનલ શું છે અને શું થાય છે?

ટ્રિબ્યુનલ એ સ્વતંત્ર પેનલ છે, જે નક્કી કરી શકે કે તમને હોસ્પિટલ છોડી જવાની છૂટ આપવી કે કેમ. તે તમારી અને તમને જાણતા હોસ્પિટલના સ્ટાફ સાથે બેઠક યોજશે. આ બેઠકને 'સુનાવણી' કહે છે. તમે ઈચ્છો, તો સુનાવણીમાં તમને મદદ કરવા બીજા કોઈને તમે બોલાવી શકો. સુનાવણી પહેલાં, ટ્રિબ્યુનલના સભ્યો હોસ્પિટલમાંથી તમારા અને તમારી સંભાળ અંગેના અહેવાલો વાંચશે. ટ્રિબ્યુનલના સભ્યો પૈકી એક તમારી સાથે વાત કરવા પણ આવશે.

## હું ટ્રિબ્યુનલને ક્યારે અરજી કરી શકું?

તમને તમારો બદલી આદેશ આપ્યા પછીના પ્રથમ છ મહિના દરમિયાન કોઈપણ સમયે એક વખત ટ્રિબ્યુનલને તમે અરજી કરી શકશો.

ત્યારપછી તમે બીજા છ મહિના દરમિયાન એક વખત અરજી કરી શકો, અને ત્યારબાદ તમને હોસ્પિટલમાં રાખવામાં આવે તે દરેક વર્ષે અકવાર અરજી કરી શકશો.

તમને નિયંત્રણ આદેશ ન આપવામાં આવ્યો હોય, તો તમારા નજદીકના સંબંધી, તમારા બદલી હુકમ પછી બીજા છ મહિના દરમિયાન એક વખત અને ત્યારબાદ દર વર્ષે એકવાર ટ્રિબ્યુનલને પણ અરજી કરી શકશે. આ પત્રિકા તમારા સૌથી નજીકના સંબંધી કોણ છે તેની વધુ સમજૂતિ આપે છે.

તમે ટ્રિબ્યુનલને અરજી કરવા માંગો તો તમે નીચેના સરનામે લખી શકો:

The Tribunals Service
PO BOX 8793
5th Floor
Leicester
LE1 8BN ટેલિ: 0300 123 2201

તમે તમારા વતી ટ્રિબ્યુનલને લખવા અને સુનાવણી વખતે તમને મદદ કરવા સોલિસિટરને જણાવી શકો. હોસ્પિટલ અને લો સોસાયટી પાસે આ માટે નિષ્ણાત સોલિસિટરોની યાદી હોય છે. તમારે આ માટે સોલિસિટરની મદદ મેળવવા ચુકવણી કરવાની રહેશે નહીં. કાનૂની સહાય યોજના હેઠળ સહાય વિનામૂલ્યે અપાય છે.

## ટ્રિબ્યુનલ કહે કે મને હોસ્પિટલમાં ન રાખવો જોઈએ તો શું થાય?

ટ્રિબ્યુનલ કહે કે તમને હોસ્પિટલમાં ન રાખવા જોઈએ, તો તેનો અર્થ એ કે તમને જેલમાં કે અટકાયત કેન્દ્રમાં પાછા લઈ જવા, સિવાય કે ટ્રિબ્યુનલ તમને હોસ્પિટલમાં રાખવાની ભલામણ કરે.

## મને કઈ સારવાર અપાશે?

તમારા જવાબદાર ચિકિત્સક અને અન્ય હોસ્પિટલ સ્ટાફ તમારી માનસિક વિકૃતિ માટે તમારે કોઈ સારવારની જરૂર હોય તો તે અંગે તમારી સાથે વાત કરશે. મોટાભાગના કેસોમાં તમારે તેમની સલાહ લેવાની રહેશે.

ત્રણ મહિના પછી, તમારી માનસિક વિકૃતિ માટે તમને આપવામાં આવ રહેલી કોઈપણ દવા કે ઔષધ અંગે ખાસ નિયમો છે. તમે દવા કે ઔષધ લેવા ન માગો, અથવા તમે એટલા બધા માંદા હોવ કે તમે તે લેવા માગો છો કે કેમ તે નક્કી ન કરી શકો, તો આ હોસ્પિટલના ન હોય તેવા ડોકટર તમારી મુલાકાતે આવશે. આ સ્વતંત્ર ડોકટર તમારી સાથે અને તમને જાણતા હોસ્પિટલના સ્ટાફ સાથે વાત કરશે. સ્વતંત્ર ડોકટર નક્કી કરશે કે તમને કઈ દવા અને ઔષધ આપી શકાય. સંકટકાલિન સ્થિતિ હોય તે સિવાય, આ જ દવા અને ઔષધો તમને તમારી સંમતિ વિના આપી શકાશે.

આ સ્વતંત્ર ડોકટરને SOAD (બીજા અભિપ્રાય માટે નિયુકત ડોકટર) કહેવાય છે અને સ્વતંત્ર કમિશન દ્વારા તેમની નિમણૂક થાય છે, જે માનસિક આરોગ્ય અધિનિયમનો કેવી રીતે ઉપયોગ થાય તેના પર દેખરેખ રાખે છે.

કેટલીક ખાસ સારવારો, જેવી કે ઈલેકટ્રો-કન્વલસિવ ઉપચાર (ECT) માટે જુદા જુદા નિયમો છે. સ્ટાફને લાગે કે આ ખાસ સારવાર તમને જરૂરી છે, તો તમને નિયમો સમજાવવામાં આવશે અને અન્ય પત્રિકા આપવામાં આવશે.

## તમારા સૌથી નજદીકના સંબંધીને જાણ કરવી

તમને નિયંત્રણ આદેશ ન આપવામાં આવ્યો હોય, તો માનસિક આરોગ્ય અધિનિયમ જેને તમારા સૌથી વધુ નજદીકના સંબંધી હોવાનું કહે છે તેને આ પત્રિકાની નકલ આપવામાં આવશે.

માનસિક આરોગ્ય અધિનિયમમાં લોકોની યાદી હોય છે, જેઓને તમારા સંબંધીઓ તરીકે ગણવામાં આવે છે. સામાન્ય રીતે, તે યાદીમાં જે વ્યકિત સૌથી અગ્રિમ આવે તે તમારા સૌથી નજદીકના સંબંધી છે. હોસ્પિટલ સ્ટાફ તમને પત્રિકા આપશે, જે આ અંગે તથા તમારી સંભાળ અને સારવાર સંબંધમાં તમારા સૌથી નજીકના સંબંધીને કયા હકો છે તે અંગે આમાં સમજાવ્યું છે.

તમારા કેસમાં, અમને કહેવામાં આવ્યું છે કે તમારા સૌથી નજીકના સંબંધી કોણ છે:

| |
|---|
| |

તમે આ વ્યકિતને પત્રિકાની નકલ ન અપાય તેમ ઈચ્છો, તો તમારી નર્સ કે સ્ટાફના બીજા સભ્યને તેની જાણ કરવા વિનંતી.

## તમારા સૌથી નજદીકના સંબંધી બદલવા

આ વ્યક્તિ તમારા નજદીકના સંબંધી બનવા યોગ્ય નથી એમ વિચારો, તો તેના બદલે તમારા સૌથી નજદીકના સંબંધી તરીકે બીજી કોઈક વ્યકિતને ગણવા તમે કાઉન્ટિ કોર્ટને અરજી કરી શકો. હોસ્પિટલ સ્ટાફ, આ બાબત સમજાવતી પત્રિકા તમને આપી શકશે.

## તમારા પત્રો

જેમણે તમારા પત્રો લેવા માગતા નથી એમ જણાવ્યું હોય તે સિવાય તમે કોઈને પણ પત્રો મોકલી શકશો. હોસ્પિટલ સ્ટાફ આ લોકોને પત્રો મોકલવાનું અટકાવી શકશે.

## આચાર સંહિતા

આચાર સંહિતા, માનસિક આરોગ્ય અધિનિયમ અંગે હોસ્પિટલના સ્ટાફને અને માનસિક વિકૃતિ માટે સારવાર કરનાર લોકોને સલાહ આપે છે. સ્ટાફ તમારી સંભાળ અંગે નિર્ણયો લે ત્યારે આચાર સંહિતા શું કહે છે તેને સ્ટાફે વિચારણામાં લેવાની રહે છે. તમે ઈચ્છો, તો તમે સંહિતાની નકલ જોવાનું પૂછી શકો.

## હું કેવી રીતે ફરિયાદ કરું?

તમે, હોસ્પિટલમાં તમારી સંભાળ અને સારવાર બાબત કોઈપણ કરવા ફરિયાદ કરવા માગો, તો સ્ટાફના સભ્ય સાથે વાત કરવા વિનંતી. તેઓ આ બાબતનો નિકાલ કરી શકશે. તેઓ તમને હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ વિષે પણ માહિતી આપી શકશે, અને તમે સ્થાનિક ઠરાવ કહેવામાં આવે છે તેની મારફત તમારી ફરિયાદનો નિકાલ લાવવાનો પ્રયત્ન કરવા તમે તેનો ઉપયોગ કરી શકશો. તેઓ ફરિયાદ કરવામાં તમને મદદ કરી શકે તેવા બીજા કોઈ લોકો અંગે પણ તમને જણાવી શકશે.

તમને લાગે કે હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ તમને મદદ કરી શકશે નહીં, તો તમે સ્વતંત્ર કમિશનને ફરિયાદ કરી શકો. કમિશન, માનસિક આરોગ્ય અધિનિયમનો કેવી રીતે ઉપયોગ કરાય છે, તેનો સાચી રીતે ઉપયોગ કરાય તેની ખાતરી કરવા અને દર્દીઓ હોસ્પિટલમાં હોય તે દરમિયાન યોગ્ય સંભાળ રાખવામાં આવે તેના પર દેખરેખ રાખે છે. કમિશનનો કેવી રીતે સંપર્ક કરવો તે સમજાવતી પત્રિકા, હોસ્પિટલ સ્ટાફ તમને આપી શકશે.

## વધુ મદદ અને માહિતી

તમને તમારી સંભાળ અને સારવાર અંગેની કોઈ વસ્તુ ન સમજાતી હોય, તો સ્ટાફનો સભ્ય તમને મદદ કરવા પ્રયત્ન કરશે. આ પત્રિકામાં તમને ન સમજાય તેવી કોઈ વસ્તુ હોય, અથવા આ પત્રિકામાં જેનો જવાબ ન હોય તેવા બીજા કોઈ પ્રશ્નો તમને હોય તો તે સમજાવવા સ્ટાફના સભ્યને કહેવા વિનંતી.

તમારે બીજા કોઈ માટે આ પત્રિકાની નકલ જોઈતી હોય તો જણાવવા વિનંતી.